તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૨ | ૧૩ નવેમ્બર, ૨૦૧૬, રવિવાર ; કારતક સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
4
૨


# કાળા નાણાં સામે કઠોર પગલાંના સંકેત

**બ્લેક મનીને બહાર કાઢવા વધારે કઠોર પગલાં લેવા મોદીનો સંકેત : ઈમાનદારો માટે બધું જ કરાશે, બેઈમાનોના હિસાબ બરોબર કરાશે : જાપાની શહેર કોબેમાં આયોજિત સ્વાગત સમારોહમાં ભારતીય સમુદાયના લોકોને મોદીનું સંબોધન : આઝાદી પછીના તમામ રેકોર્ડની તપાસ પણ થશે**



ટોકિયો, તા.૧૨

કાળા નાણાનો પર્દાફાશ કરવા માટે વધારે કઠોર પગલાં લેવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે દેશના લોકો ભારે મુશ્કેલીનો સામનો નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કરી રહ્યા છે છતાં આ નિર્ણયને આવકારી રહ્યા છે. જેથી તેઓ ૧૨૫ કરોડ દેશના લોકોને સલામ કરે છે. સાથે સાથે તેમના સાથ સહકાર બદલ તેમનો આભાર પણ માને છે. મોદીએ કહ્યું હતું કે પોતાની સરકારમાં સૌથી મોટા સ્વચ્છતા અભિયાન તરીકે આને તેઓ ગણે છે. વડાપ્રધાને કબુલાત કરી હતી કે લોકોને આના લીધે ભારે તકલીફ થઈ રહી છે. ચારથી પાંચ કલાક સુધી લોકો બેંકની બહાર અને એટીએમની બહાર લાઈન લગાવીને ઉભા છે પરંતુ આટલી તકલીફ લેવા છતાં દેશના લોકો તેમને આશીર્વાદ આપી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે હજુ સુધી ગંગા નદીમાં લોકો ૨૫ પૈસાના સીક્કા અને ૫૦ પૈસાના સીક્કા નાખતા ન હતા પરંતુ હવે જંગી જથ્થામાં નોટ ગંગા નદીમાં પધરાવી રહ્યા છે. કાળા નાણા રાખનાર લોકોની સામે લાલ આંખ કરતા તેમણે કહ્યું હતું કે જે લોકો પોતાના એકાઉન્ટમાં કાળા નાણા જમા કરશે તેમની સામે પણ સરકાર

● અનુસંધાન પાન-૭ પર

## મોદી જાપાની વડાપ્રધાન સાથે બુલેટ ટ્રેનમાં બેઠા

ટોકિયો, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જાપાનમાં બુલેટ ટ્રેનની મજા માણી હતી. આ વખતે તેમની સાથે જાપાનના વડાપ્રધાન સીન્જોઅબે પણ રહ્યા હતા. મોદી અને સન્જોઅબે સીંકાસેન બુલેટ ટ્રેનમાં બેઠા હતા. મોદીએ ૨૦૦૭ અને ૨૦૧૨ની તેમની જાપાન યાત્રાની યાદ અપાવી હતી. ગુજરાતમાં ભૂકંપ આવ્યો ત્યારે કોબેના લોકો મદદ કરવા માટે સૌથી આગળ આવ્યા હતા. માનવતાની મદદ કરવા માટે અમે ક્યારેય પણ કોબેના લોકોને ભુલીશું નહીં.

## હજુ થોડા દિવસ તકલીફ રહેશે : અરૂણ જેટલી

**બે લાખ એટીએમ મશીનોને પહેલા નવા નિયમોને સિક્રેટ રાખવાના હેતુસર બદલી દેવામાં આવ્યા ન હતા જેથી નવી નોટની વ્યવસ્થા કરાઈ છે : એટીએમ સેવા સંપૂર્ણપણે શરૂ કરવામાં બે ત્રણ સપ્તાહ લાગશે : નાણામંત્રી**



નવી દિલ્હી, તા.૧૨

નાણામંત્રી અરૂણ જેટલીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે હજુ થોડાક દિવસ સુધી સામાન્ય લોકોને તકલીફ થઈ શકે છે. જેટલીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આ અંગેની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે રૂપિયા ઉપર પ્રતિબંધ મુકવાની પ્રક્રિય ખૂબ લાંબી છે. આવનાર થોડાક દિવસ સુધી લોકોને ચોક્કસપણે તકલીફ રહેશે. લોકોને નવી અર્થવ્યવસ્થામાં ડિઝીટલ પ્લેટફોર્મના ઉપયોગની જેટલીએ અપીલ કરી હતી. નાણામંત્રીએ કહ્યું હતું કે રિઝર્વ બેંકની પાસે રોકડ રકમની કોઈ તકલીફ નથી. જેટલીએ કોંગ્રેસ સહિત વિરોધ પક્ષોની પણ જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે કેટલાક રાજકીય પક્ષો રાજનીતિ રમી રહ્યા છે અને વિરોધ કરી રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

# બેંકો અને એટીએમ પર લાઈન યથાવત

**અંધાધૂંધી અને અફડાતફડી હજુ સાત દિવસ રહે તેવી સંભાવના : લોકોને તકલીફ ન પડે તે માટે રોકડ લઈ જતા કુલ ૮૮૦૦ વાહનોનો ઉપયોગ : એટીએમ ત્રણથી ચાર કલાકમાં ખાલી થઈ રહ્યા છે : હેલિકોપ્ટર સેવા લેવાઈ**



મુંબઈ,તા. ૧૨

દેશભરમાં આજે પણ અંધાધુંધી અને ફડાતફડીનો દોર જારી રહ્યો હતો. બેંકો અને એટીએમની બહાર લાંબી લાઈનો જોવા મળી હતી. રોકડ માટેની જંગી માંગને લીધે લાંબી લાઈનો જોવા મળી હતી. નવી નોટ સ્વીકારવા માટે લોકો તૈયાર થઈ રહ્યા નથી. જેથી ભારે અફડાતફડી રહી છે. આ ઉપરાંત સોમવારના દિવસે બેંક રજા આવી રહી હોવાથી સ્થિતિ વધુ વણસી શકે છે. મંગળવારની રાત્રે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદથી સતત અંધાધૂંધી જોવા મળી રહી છે. લોકોમાં દહેશત જોવા મળી રહી છે. બીજી બાજુ હજુ સાત કે દસ દિવસ સુધી આ અફડાતફડી અને દુવિધા

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં મીઠાની અછત નથી

**હાલમાં ચાલી રહેલી અફવાનો અંત : ઓવર સ્ટોક હોવાનો દાવો કરવામાં આવ્યો : દેશભરમાં ૨૨૦ મેટ્રીક ટન મીઠાનુ ઉત્પાદન કરવામાં આવ્યુ**

નવી દિલ્હી,તા. ૧૨

દેશમાં મીઠુ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે અને આની કોઈ તકલીફ નથી તેવી ખાતરી આજે કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકારે કહ્યુ છે કે દેશમાં મીઠુ પુરતા પ્રમાણમાં નથી તેવા અહેવાલ બિલકુલ આધારવગરના છે. કેન્દ્રિય ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યુ છે કે દેશમાં મીઠુ જંગી અને ઓવર સ્ટોક છે. મીઠુ અગાઉની કિંમતમાં જ ઉપલબ્ધ છે.તેની કિંમતમાં કોઈ વધારો થયો નથી. વિભાગે મોડી રાત્રે સ્પષ્ટતા કરતા કહ્યુ છે કે મીઠુ અથવા તો નમકની કિંમતો વધવાના હેવાલ મળ્યા છે. જે સમાચારમાં કોઈ આધાર નથીય વિભાગ જરૂરી કોમોડિટીઝ પર સતત નજર રાખે છે. દેશમાં ૨૨૦ મેટ્રીક ટન મીઠાનુ ઉત્પાદન થાય છે. મીઠાનો કુલ વપરાશ ૬૦ લાખ મેટ્રીક ટનની આસપાસ છે. બાકી બચી ગયેલુ મીઠુ ઉદ્યોગો અને નિકાસમાં વપરાય છે. જેથી કોઈને પરેશાન થવાની કોઈ જરૂર નથી. શુક્રવારના દિવસે સાંજે ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં મીઠાની

● અનુસંધાન પાન-૭ પર

# મહિના સુધી ATMથી માત્ર ૧૦૦ની નોટ નીકળશે

નવી દિલ્હી,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧મી નવેમ્બરથી એટીએમમાંથી રૂપિયા ઉપાડવાની વાત કરી હતી છે. આવી સ્થિતિમાં તેને એટીએમમાં મુકવાની બાબત તકલીફ કરી રહી છે. આ ઉપરાંત એટીએમ મશીનમાં બે હજાર રૂપિયાની નોટ માટે સ્લોટ ખાતાથી માત્ર ૨૦૦૦ રૂપિયા ૧૦૦ની ૨૦ નોટ પણ ઉપાડવામાં આવે તો માત્ર ૫૦૦ લોકોને જ આ રકમ મળી શકશે અને એટીએમ વહેલીતકે ખાલી થઈ જશે. જો એટીએમને વહેલીતકે જલ્દીથી ભરવામાં નહીં આવે તો રોકડ રકમની અફડાતફડી રહેશે.

**મશીનમાં ૨૦૦૦ રૂપિયાની નોટના સ્લોટ હજુ સુધી બન્યા નથી :નવા સોફ્ટવેર લોડ કરવા માટેની પ્રક્રિયા શરૂ થઈ**

પરંતુ મોટાભાગના વિસ્તારોમાં હજુ સુધી એટીએમ કામ કરી રહ્યા નથી. બેંકના અધિકારીઓની માનવામાં આવે તો હજુ એક મહિના સુધી એટીએમમાંથી માત્ર રૂપિયા ૧૦૦ની નોટ જ મળી શકશે. આરબીઆઈ તરફથી જારી કરવામાં આવેલી નવી નોટમાં કદ જુની નોટ કરતા અલગ બનાવવામાં આવ્યા નથી. આવી સ્થિતિમાં આશરે એક મહિના સુધી લોકોને એટીએમમાંથી માત્ર ૧૦૦ રૂપિયાની નોટ જ મળી શકશે. મળેલી માહિતી મુજબ એટીએમમાં વર્તમાન સ્લોટમાં ૧૦ હજાર નોટ એક વખતમાં સબમીટ કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં એક


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225


સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
ગાંધીનગર-ચાંદખેડા-કલોલ-દહેગામ
ટર્મીનલ ઓપરેટર- ૫
બેંક ઓફીસ સ્ટાફ- ૭
કોમ્પ્યુટર ઓપરેટર- ૧૦
8000/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ
bestboi123@gmail.com
WhatsApp: 9974703401

મેડીક્લેમ
આપની જરૂર મુજબ
30 દિવસ પછી બધા
ઓપરેશનનો ખર્ચ મળશે.
૮૦ વર્ષ સુધી
તુષાર શાહ :
99 24 66 24 99

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું
કાપડ હાજર સ્ટોકમાં મળશે.
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર આયોજિત
Rotary
સાયકલ મહાયાત્રા
ROTARY SERVING HUMANITY
સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે ગાંધીનગરની પહેલ
તા. ૨૦ મી નવેમ્બર ૨૦૧૬, રવિવાર

સાયકલ યાત્રીનું નામ :
ઉંમર : પુરુષ/ સ્ત્રી :
મોબાઈલ :
ઈ-મેલ :
સરનામું :



સાયકલ મહાયાત્રા પથ
પ્રસ્થાન સમય : સવારે ૮-૦૦ કલાકે
પ્રસ્થાન સ્થળ : (૧) ખ-૦ (૨) જ-૭ (૩) ક-૭
સમાપન સ્થળ : નવરાત્રી ગ્રાઉન્ડ, સેક્ટર-૨૨

નિયમો અને શરતો
- દરેક સાયકલ યાત્રીએ સ્વખર્ચે જ સ્થળ પર પહોંચવાનું રહેશે.
- દરેક સાયકલ યાત્રીએ પોતેજ સાયકલ લાવવાની રહેશે.
- આ સાયકલ યાત્રા નો ઉદ્દેશ સ્વાસ્થ્ય અને પર્યાવરણની જાગૃતિ ઉપરાંત સાયકલ ચલાવવાની પ્રેરણા આપવાનો છે.
- ફોર્મ સંપુર્ણ ભરેલ હોવું જરૂરી છે, ઉપરાંત 'સાયકલ મહાયાત્રા' પુર્ણ કરેલ હોવી જોઈએ, અન્યથા ઈનામને પાત્ર રહેશે નહિ.

બાહેંધરી :
આથી હું બાહેંધરી આપું છું કે સાયકલ મહાયાત્રામાં હું મારી મરજીથી, મારા ખર્ચે અને મારા જોખમે ભાગ લઈશ. આ ફોર્મમાં આપેલ નિયમો વાંચી સમજીને હું મારી સંમતીથી અહી સહી કરું છુ.

આ ફોર્મના લકી ડ્રો કરી વિજેતા બનનાર ૨૧ 'પર્યાવરણ મિત્ર'ને ઈનામ રૂપે સાયકલ આપવામાં આવશે.

સાયકલ યાત્રીના હસ્તાક્ષર

(આ ભાગ કાપીને આપની પાસે રાખવા વિનંતી. 'સાયકલ મહાયાત્રા' શરૂ થવાના સ્થળે રાખેલ બોક્સ માં નાખવાથી જ ઈનામ ને પાત્ર રહેશે.)

સાયકલ યાત્રીનું નામ : ઉંમર : પુરુષ / સ્ત્રી
પ્રવૃતિ : મોબાઈલ :
સરનામું :
સાયકલ યાત્રીના હસ્તાક્ષર

ફોર્મ મેળવવા તથા પરત કરવા સંપર્ક
● પટેલ આઈસ્ક્રીમ - ૨૪ ચાર રસ્તા, | ઘ-૫ | ઘ-૨ | કૃષ્ણકુંજ-કુડાસણ | પ્રમુખનગર - સરગાસણ
● રાધે સ્વીટ્સ - સેક્ટર-૨૧ અને સેક્ટર-૧૧ ● મહાવીર પાર્લર - ઘ-૬, સેક્ટર-૨૨
● રોયલ લુક - ઈન્ફોસીટી ● ગાંધીનગર સમાચાર - સેક્ટર-૮
● સ્માર્ટ કિડ્સ - સેક્ટર-૧ ● તુનવેલ - ડીમાર્ટ પાસે, સેક્ટર-૨૬, જીઆઈડીસી